# સ્ટુડન્ટ્સ અને પ્રોફેસર શીખી રહ્યા છે એન્જિનિયરિંગના પાઠ



## આ કોર્સ શીખવવામાં આવી રહ્યા છે

- ઇલેક્ટ્રિક મિકેનિઝ, પાવર ઇલેક્ટ્રોનિક્સ
- એન્જિનિયરિંગ મેથમેટિક્સ
- ફ્લુઇડ મિકેનિક્સ અને એક્સપેરિમેન્ટલ
- જીઓટેકનિકલ એન્જિનિયરિંગ લેબોરેટરી
- સ્ટ્રક્ચર ઓફ મટીરિયલ
- મિકેનિક્સ ઓફ સોલિડ્સ
- ક્લાઉડ કમ્પ્યુટિંગ

**● IIT-GN ખાતે દેશનાં વિવિધ શહેરોના એન્જિ. કોલેજના સ્ટુડન્ટ્સ અને ફેકલ્ટીઝ IITની એક્સ્પર્ટ ફેકલ્ટી પાસે પાઠ ભણશે**

**અમદાવાદ: ૧૨ જૂન ૨૦૧૫**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા એન્જિનિયરિંગ સ્ટુડન્ટ્સ અને ફેકલ્ટીઝ માટે ખાસ સમર સ્કૂલનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમર પ્રોગ્રામનો મુખ્ય હેતુ સ્ટુડન્ટ્સ અને ફેકલ્ટીઝમાં એજ્યુકેશનની સાથે ટેકનિકલ સ્કિલ્સ અને નોલેજ ઈમ્પ્રુવ કરવાનો છે. આ સમર પ્રોગ્રામમાં અમદાવાદ ઉપરાંત મહારાષ્ટ્ર, ગુજરાત, પોંડિચેરી, આંધ્રપ્રદેશ, રાયપુર વગેરે શહેરોના ફેકલ્ટીઝ સાથે સ્ટુડન્ટ્સ પણ જોડાયા છે. આ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે આવેલી કુલ ૯૦૦ અરજીમાંથી માત્ર ૧૦૦ સ્ટુડન્ટ્સનું સિલેક્શન થયું હતું. આ પ્રોગામ ૬ જુલાઈ સુધી ચાલશે. આ સમર પ્રોગ્રામમાં સ્ટુડન્ટ્સ અને ફેકલ્ટીઝ આઈઆઈટીના એક્સ્પર્ટ પાસેથી ફેકલ્ટી નોલેજની સાથે પ્રેક્ટિકલ નોલેજ પણ મેળવી રહ્યા છે. એકેડેમિકના ડિન અમિત પ્રશાંતે જણાવ્યું હતું કે, એન્જિનિયરિંગ કરીક્યુલમમાં શરૂઆતનો તબક્કો સ્ટુડન્ટ્સ અને ફેકલ્ટી બંને માટે ચેલેન્જિંગ હોય છે. સમર સ્કૂલ દ્વારા અમે ઈફેક્ટિવ લર્નિંગ પ્રોસેસ અને ટીચિંગ વિશેના પાઠ શીખવીએ છીએ. ઉપરાંત દરેક સ્ટુડન્ટ્સ દરેક બાબતને સારી રીતે સમજી શકે તેવી મેથડ શીખવવાના પ્રયાસો પણ કરીએ છીએ.


